Text for Clerical Task APPENDIX 7.



. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

છેલ્લા છ માસથી પ્રતાપનગર - જંબુસર વચ્ચેની ટપાલ વિતરણ સેવાઓને આર.એમ.એસ. સાથે સાંકળી લેવામાં આવી છે. ટપાલખાતું પોતાના ગ્રાહકોને ઉત્તમ અને ઝડપી સેવા આપી શકાય એ ઉદ્દેશથી આ વિભાગને આર.એમ.એસ. હેઠળ સાંકળી લેવામાં આવી છે અને ગાડી નં. ૧૯૭ તથા ૧૯૮ ને આ સેવા માટેની નિયત ગાડીઓ ગણવામાં આવ આવી છે.

શુભ હેતુ માટે શરુ કરવામાં આવેલી આ સેવા અગાઉ વિશ્વામિત્રીથી સવારે ગાડી નં. ૧૯૮ અપમાં ટપાલ આવતી અને ગાડી નં. ૨૦૭ માં ટપાલ કર્મચારીને રુબરુ થેલાઓની ડીલીવરી અપાતી જ્યારે ગાડી નંબર ૧૯૭માં ગાર્ડ સાથે જતી. આમ દિવસમાં બે વાર બહારગામ જવા માટે નીકળતી અને એકવાર બહારે વ્યવસ્થિત વહેંચાતી.

છેલ્લા આઠ માસથી પણ વધુ સમયથી પ્રતાપનગર - જંબુસર વચ્ચે દોડતી ગાડીઓ ક્યારે સમયસર દોડી નથી. તેમાં પણ ગાડી નં. ૧૯૭ તો હંમેશા જ અનિયમિત રહી છે. અને તે જ ગાડીના આ.એમ.એસ.ની ટપાલ જાય છે.

જાણવા મળે છે તે મુજબ ટપાલ ખાતાએ છેલ્લામાં છેલ્લી આપેલ સૂચનાઓ મુજબ આરએમ.એસ. સાથે સંકળાયેલી ગાડી મોડી હોય અને ટપાલના થેલા પહોંચાડનારની ફરજનો સમય પૂરો થઇ ગયો હોય તો સાંજે ૬-૩૦ પછી ટપાલનો થેલો પાછો લાવી પોષ્ટ ઓફીસમાં મૂકી દેવો.

ખાસ અંગત કે અગત્યના કારણસર લખેલો ટપાલ પેટીમાં નાખ્યા બાદ વ્યક્તિઓ એમ જ સમજે છે કે તેની ટપાલ બીજે દિવસે જ તે વ્યક્તિને મળી જશે પરંતુ પરંતુ ટપાલ ટપાલ પેટીમાં નાખી કે તેથી હકીકતમાં ટપાલ પહોંચી જતી નથી.

ગાડી નં. ૧૯૭ કાયમ જો ૬.૩૦ પછી આવે તે રીતે ઉપર બબ્બે ત્રણ ત્રણ દિવસ સુધી ટપાલ સ્થાનિક સ્ટેશન ઉપર થી જ નીકળતી નથી. બે-ચાર દિવસે ટપાલ ઉપડે તેવી વ્યવસ્થા આર.એમ.એસ. આપવાની હોય તો તે સેવા જનતાની સેવા નથી પણ કુસેવા છે. એ વાત આર એમ.એસ. કરનાર સત્તાવાળાઓએ સમજી લેવી જોઇએ જરુરી છે.

ટપાલના થેલા રેલ્વે સુધી પહોંચાડવા કેટલાક વ્યક્તિઓને પૂછતા જણાવ્યું છે કે, આર.એમ. એસ. ના તેમની જ કક્ષાના થેલા સ્વીકારનાર માણસોને ઓવર ટાઇમ મળે છે તેથી આ કર્મચારીઓ ગાડી મોડી હોય તો પણ ઓવરટાઇમ ને કારણે પોતાની ફરજ બજાવે છે જ્યારે જેમને ઓવર ટાઇમની જોગવાઇ નથી એવા ટપાલના થેલા લઇ જનાર પોસ્ટલ કર્મચારીઓ શા માટે ત્રણ ચાર કે તેથી વધુ કલાક કામ કરી શકે?

તો હકીકતમાં જેમની સગવડની અપેક્ષા એ . આર.એમ.એસ. શરુ કરવામાં આવી તે નાગરિકોનો શો દોષ ? રેલ્વેની નિયમિત બનેલી અનિયમિતતાથી પાકને વાડ પખાલીને ડામ જેવી સામાન્ય નાગરિકની સ્થિતિ દયા જનક બની છે.

-o-o-o-o-o-o-o-